-:**આંક-૧ નીચે હુકમ**:-

૧. હાલના કામની એફ.આઈ.આર. પોલીસ દવારા આરોપીની સામે નોંધવામાં આવેલ છે અને તે એફ.આઈ.આર.ના કામે પોલીસ એજન્સી દવારા જ ગુનાની તપાસ કરી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૭૩ મુજબ નવા સુધારાને આધીન ચાર્જશીટ દાખલ કરવામાં આવે છે.આ કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮/બી.એન.એસ.૨૨૩ વિગેરે અન્વયેનું તહોમત મૂકેલ છે કે આરોપીએ પોલીસ કમીશ્નરશ્રી/ઉપ સચિવશ્રી,ગૃહ વિભાગ,ગુજરાત સરકાર ધ્વારા બહાર પાડેલ જાહેરનામાનો ભંગ કરેલ છે. સદરહું કલમ મુજબ જયારે કોઈ વ્યકિત, જાહેર સેવકે કાયદેસર જાહેર કરેલા હુકમનું પાલન ન કરે ત્યારે ગુનો બને છે.

આ કામે આરોપીને તપાસ કરનાર ધ્વારા ચાર્જશીટ સાથે અત્રેની કોર્ટમાં હાજર રાખવામાં આવેલ છે અને તેઓને સદર ગુનાના તમામ કેસ પેપર સી.આર.પી.સી. કલમ-૨૦૭ મુજબ પુરા પાડયા બાદ તેઓને સદર ગુનાની વિગત સમજાવતા તેઓ ગુનો કબુલ કરવા માંગતા હોય તે સબબની વિગત પોતાના નિવેદનમાં જણાવેલ હોય અને તે અન્વયે તેઓએ અલગથી ગુના કબુલાતની પુરસીસ પણ આપેલી હોય તે માનસહ વંચાણે લીધી.

આ કામે ઉપરોકત રજુ થયેલ વિગત ધ્યાને રાખી આરોપી સ્વૈચ્છાએ કોઈપણ લોભ, લાલચ, પ્રલોભન વગર સ્વૈચ્છાએ ગુનો કબુલ કરવા માંગતા હોય અને સદર ગુનો તે પેટી ઓફેન્સ અન્વયેનો નાનો ગુનો હોય તેમજ તેઓનો પ્રથમ ગુનો હોવાનું રજુ રેકર્ડ જોતાં જણાતુ હોય, જેથી તેઓને સુધરવાની એક ઉત્કૃષ્ઠ તક મળી રહે તે હેતુથી તેઓને સદર કામે ન્યાયના હિતમાં નીચે મુજબનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

(૧) આ કામના આરોપી સી.આર.પી.સી.કલમ-૨૫૨ મુજબ પોતાનો ગુનો કબુલ કરતા હોય જેથી આઈ.પી.સી.નીકલમ-૧૮૮/બી.એન.એસ.૨૨૩ વિગેરેના કામે આરોપીને તકસીરવાર ઠરાવી રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એક સો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ન ભરે તો, આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ અંગે અગાઉ વચગાળાનો હુકમ થયેલ હોય, તો તે કાયમ રાખવામાં આવે છે. જો મુદ્દામાલનો હુકમ થયેલ ન હોય, તો ત.ક.અ. એ અથવા પોલીસ સ્ટેશનના સક્ષમ અધિકારીએ માલીકીની ખરાઈ કરી, મુદ્દામાલ માલીકને પરત કરવો તથા મુદ્દામાલ પરત કર્યાની એક યાદી અત્રેની કોર્ટને કરવી.

હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી આજરોજ સ્પે.સીટીંગ/લોકઅદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૪/૦૯/૨૦૨૪

(ડી.એમ.બાવીશી)
પાંચમા સ્પે. સીટીંગ જજ
અમદાવાદ(ગ્રામ્ય), નવરંગપુરા
UIC NO GJ 01380

સ્થળ:- નવરંગપુરા, અમદાવાદ